ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૧૮

ગાંધીનગર તાપમાન

## આઈ લવ માય ગાંધીનગર



**અશ્વિન વાસુદેવ ત્રિવેદી**
એડવોકેટ

**ગાંધીનગર ગમે**
કોઈને નહીં, પણ સૌનું એવી ભાવના વ્યક્ત કરતા ગ્રીન ગાંધીનગરને કર્મભૂમિ બનાવી. અહીં રહેવું એ અહોભાગ્યની વાત છે. પ્રદૂષણ મુક્ત સ્વચ્છ હવા, પાણી વિચારોમાં પ્રેરણાબળ પૂરું પાડે છે.

**નગરજનો**
ભાતીગળ બોલી, સંસ્કૃતિ, સંસ્કારનો તાલમેલ ધરાવતું એકમાત્ર નગર. નગરજનોમાં બીજાથી અલગ, પોતીકાપણું દર્શાવવાનો ભાવ, સૌ એકબીજાથી શ્રેષ્ઠ, એકબીજાથી અલગ છતાં એક જ.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
સામાજિક, સાંસ્કૃતિક, સેવાકીય પ્રવૃત્તિઓ ગમે છે.
ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જેસીઆઈ, જી ઈ કલબની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
નગરને સ્વચ્છ, સ્વાસ્થ્યપ્રદ અને વ્યસનમુક્ત બનાવવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા અને વ્યસનમુક્તિ માટેના સઘળા પ્રયાસોમા તન, મન, ધનથી સહયોગ આપવા માટે હું તૈયાર છું.

# શહેરમાં પ્રથમવાર ૭૦૦ કિલો ટામેટાથી હોળી ઉજવાશે

## ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે યુનિટી હોલી ફેસ્ટ-૨૦૧૭નું આયોજન : લાઈવ ડીજે સાથે લા ટોમાટિનો અને રેઈન ડાન્સનો આનંદ

ગાંધીનગર, તા.૩
હોળી એટલે રંગ અને ઉલ્લાસનું પર્વ, સમૃધ્ધિ અને સુખાકારીનું પ્રતિક. આ ઉત્સવમાં એકબીજાનો રંગોથી રંગીને મોજમસ્તી-આનંદ લૂંટવામાં આવે છે. જો કે આધુનિક સમયમાં હોળીના તહેવારનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. ચામડીને નુકસાન કરતા કેમિકલયુકત રંગોથી રમાતી હોળીનું સ્થાન હવે સ્પેનિશ ઉત્સવ 'ટોમેટિનો' લઈ રહ્યો છે. ગાંધીનગરમાં પણ તા. ૧૩મી માર્ચના રોજ ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે 'યુનિટિ હોલી ફેસ્ટ-૨૦૧૭'નું આયોજન કરવામાં આવ્યું છે. આ હોલી ફેસ્ટમાં લાઈવ ડીજે સાથે નાગરિકો રેઈન ડાન્સ તથા લા ટોમાટિનોની મજા માણી શકશે.

ગાંધીનગરમાં પ્રથમવાર હોળી ઉત્સવમાં ટોમાટિનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં દરેક વયજુથના નાગરિકો ભાગ લઈ શકશે. આ 'યુનિટ હોલી ફેસ્ટ-૨૦૧૭'માં લાઈવ ડીજેના સંગીત સાથે લા ટોમાટિનો, ફોર્થ પૂલ તથા સ્પ્લેશ પૂલની વ્યવસ્થા કરાઈ છે. જેમાં આશરે ૭૦૦ કિલો ટામેટાનો ઉપયોગ કરાશે. સમગ્ર ઈવેન્ટનું આયોજન ઈન-આઉટ પ્રમોશન્સ દ્વારા એલિકિઝર ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યુ છે. જેમાં નાગરિકો પરિવાર સાથે સુરક્ષિત અને સલામત હોળીનો આનંદ માણી શકશે. આ ઈવેન્ટથી થનાર આવકના ૧૦ ટકા સેનાના શહીદ જવાનોના પરિવારના લાભાર્થે ફાળવવામાં આવનાર છે. આ ઈવેન્ટમાં આશરે ૫ થી ૬ હજાર નાગરિકો ભાગ લે તેવી શકયતા જોવાઈ રહી છે. ઉત્સવમાં સામેલ થવા વ્યકિત દીઠ રૂ. ૪૦૦ની પ્રવેશ ફી રાખવામાં આવી છે.

### યુનિટ હોલી ફેસ્ટની ૧૦ ટકા આવક શહીદ જવાનો માટે

યુનિટ હોલી ફેસ્ટની ૧૦ ટકા આવક સેનાના શહીદ જવાનોના પરિવારને ફળવાશે તેવી જાહેરાત કરતા એલિકિઝર ફાઉન્ડેશનના યશ મહેતાએ જણાવ્યું હતું કે મિત્રો-પરિવાર સાથે સુરક્ષિત અને સલામત હોળીની ઉજવણી આ કાર્યક્રમમાં કરી શકાશે. અહીં હાઈજેનિક રંગો સાથે ૭૦૦ કિલો ટામેટાની વ્યવસ્થા કરાઈ છે. આ ઈવેન્ટમાં ખાણી પીણી સહિત તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. સવારે ૯ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી નાગરિકો લાઈવ ડીજે સાથે રેઈન ડાન્સ અને ટોમાટિનોનો આનંદ ઉઠાવી શકશે. આ ઈવેન્ટમાં ઓનલાઈન બુકિંગ અથવા ઈન્ફોસીટી સુપર મોલ ખાતેથી પ્રવેશ પાસ ખરીદી શકાશે.

## @ગાંધીનગર

● શહેર પેન્શનર્સ સમાજની સામાન્ય સભા સરકારી પ્રાથમિક શાળા સંકુલ સે-૬-બી ખાતે બપોરે ૪ કલાકે યોજાશે.

● સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, સે-૨૨, સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે કોળી સમાજ ભવન, શનિદેવ મંદિરની સામે, સે-૪-એ ખાતે સવાર ૯ થી ૧૨ કલાક દરમિયાન નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

● સે-૨૧સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના નવીન મકાનનું ઉદઘાટન સવારે ૯.૧૫ કલાકે થશે.

● સે-૧૯ જીમખાના ખાતે બપોરે ૩.૩૦ કલાકે બેઝીક લાઈફ સપોર્ટ વિષય પર સેમિનાર યોજાશે.

● ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સુબેદાર થિયેટર્સ દ્વારા સે-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સત્ય મેવ જયતે નાટક ભજવાશે.

● ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા રાજપૂત મહિલાઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ સવારે ૮.૩૦ થી ૨ કલાક દરમિયાન સે-૧૭, ૧૪૧/૧ ચ ટાઈપ ખાતે યોજાશે.

● મધુબેન કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો પાર્વતીબેન મધુકરભાઈ પરમાર, પાર્વતી પેલેસ, સે-૭-ડી પ્લોટ નં. ૧૨૭૩/૨માં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## શોધન ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સમજ શૃંખલા કાર્યક્રમનો ગાંધીનગર ખાતે પ્રારંભ

ગાંધીનગર, તા.૩
શોધન ફાઉન્ડેશન, ગાંધીનગર તેના સાબરકાંઠા ખાતેના 'સમજ શૃંખલા'ના સફળ આયોજન બાદ હવે ગાંધીનગર ખાતે પણ આ કાર્યક્રમનો પ્રારંભ કરી રહ્યું છે. આ કાર્યક્રમના ભાગરૂપે સંસ્થા તેનો પ્રથમ બે દિવસીય વર્કશોપ આદર્શ નિવાસી શાળા (કન્યા) - રાયસણ, ગાંધીનગરની કિશોરીઓ માટે યોજી રહી છે. આ વર્કશોપનો પ્રારંભ આજ રોજ તા. ૦૪-૦૩-૨૦૧૭, શનિવારે સવારે ૯.૦૦ ક્લાકે આદર્શ નિવાસી શાળા (કન્યા) ખાતે થશે. જેમાં જાણીતા તજજ્ઞ શ્રી સુરેશ પરમાર જીવન કૌશલ્ય (લાઈફ સ્કિલ્સ) જેવા અતિ મહત્વપૂર્ણ વિષય પર બે દિવસ એક્ટીવીટી બેઝ્ડ માર્ગદર્શન પુરું પાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ અંતર્ગત શોધન ફાઉન્ડેશન વિવિધ સંસ્થાઓ અને અનેક બાળકો સાથે મહત્વના વિષયો પર આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો દ્વારા વર્કશોપ યોજી તે વિષે ઊંડી સમજ વિકસાવવા કાર્યરત છે.

આ વર્કશોપના સફળ આયોજન માટે શોધન ફાઉન્ડેશન વતી શ્રી પ્રશાંત ત્રિવેદી, શ્રી પાર્થ ઠક્કર, આદર્શ નિવાસી શાળા (કન્યા) - રાયસણના આચાર્યા સુશ્રી બિનલ વૈષ્ણવ યોગદાન આપી રહેલ છે.

## ગીર ફાઉન્ડેશન ખાતે વિશ્વ વન્યજીવન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૩
સંયુકત રાષ્ટ્ર દ્વારા વિનાશના આરે ઉભેલી વન્યજીવ સૃષ્ટિ અને વનસંપદા પ્રત્યે વૈશ્વિક જાગૃતિ કેળવવાના હેતુથી આજે રાજયના વનવિભાગ દ્વારા ગીર ફાઉન્ડેશન ખાતે વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ પરિસંવાદનું દિપ પ્રગટાવી વનરાજય મંત્રી શ્રી શબ્દશરણ તડવીએ જણાવ્યુ હતું કે ગુજરાતની પ્રાકૃતિક વિરાસતના સંવર્ધન અને સંરક્ષણ માટે સામાજીક જાગૃતિ દ્વારા જન આંદોલન કરીને યુવાનોએ પોતાનું નોધપાત્ર યોગદાન આપવું જોઈએ. સોશીયલ મિડીયા દ્વારા વન સંપદા અને વન્યજીવ સૃષ્ટિના સંવર્ધન માટે વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા અપીલ કરી હતી. દેવી-દેવતાઓના વાહન તરીકે વન્ય પ્રાણીઓ સંકળાયેલ છે. ધાર્મિક મહત્વ દ્વારા સામાજીક જાગૃતિ દ્વારા સંવેદનાઓનું નિર્માણ કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે ઘુડખર, કાળીયાર અને નીલ ગાય જેવા વન્ય જીવો કૃષિ પાકોને નુકસાન કરે છે તેમ છતાંય રાજયની અહિંસામાં માનનારી પ્રજા પણ આવા વન્ય જીવો પ્રત્યે આદર અને પ્રેમ દાખવે છે.



વન પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ફકત ભારત દેશમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ધોરડ) ભારતમાં જોવા મળે છે. ધોરડની દેશમાં ૨૦૦ અને ગુજરાતમાં ૨૦ પક્ષીઓ હોવાનો અંદાજ છે ત્યારે લુપ્ત થતી વન્યજીવ સૃષ્ટિ અને વનસંપદાના જતન માટે લોક સહયોગ અને યુવા પેઢીને આગેવાની લેવા અપીલ કરી હતી.

આ સેમિનારમાં વન વિભાગ, પોલીસ વિભાગ અને ફોરેન્સીક સાયન્સ સહિતના અધિકારીઓ અને વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ અને યુવાનોની ઉપસ્થિતિમાં વન્યજીવના સંરક્ષણ અને સંવર્ધન અંગે વિસ્તૃત ચર્ચાઓ અને પ્રશ્નોત્તરી દ્વારા પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરી માર્ગદર્શન મેળવ્યું હતુ.

## આજે ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા આયોજીત લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૩
ભારત વર્ષમાં રાજપૂતાણીના કાર્યો, દેશભકિત, માતૃભૂમિ માટેનું પ્રદાન, સહનશીલતા વગેરે મહત્વના ગુણોનું દેશની એકતા માટે રક્ષા માટે મહત્વની જાણકારી રાજપૂત સમાજની અત્યારની પેઢી અને આમ પ્રજા એને સાચા અર્થમાં સમજે સાચા ગુણો (સંસ્કાર)થી સમાજ જીવનમાં ભાઈચારો અને વિકાસ થઈ શકે તેવા હેતુથી તા. ૪-૩-૨૦૧૭ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી રાજપૂતાણી લોકડાયરાનું આયોજન સે-૧૭, ટાઉનહોલ ખાતે કરાયુંછે. ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજની પ્રેરણા અને સહકારથી આ આયોજન કરાયુંછે. જેમાં સુપ્રસિધ્ધ કલાકારોમાં અભેસિંહ રાઠોડ, જીતુ કવિદાદ, ઘનશ્યામ કવિ તથા સાથી કલાકારો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને રાજપૂત સંસ્કૃતિને ઉજાગર કરતું લોક સાહિત્ય રજૂ કરાશે.

## વાવોલના બાળકોએ ડાકોર-ઉત્કંઠેશ્વર મહાદેવનો પ્રવાસ માણ્યો



ગાંધીનગરના ગુડા વિસ્તારના વાવોલ ખાતે સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં બાળકોએ સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર, લસુંદરા, ફાગવેલ તથા ઉત્કંઠેશ્વર મહાદેવની મુલાકાત લીધી હતી.

બાળકોને જ્ઞાન સાથે ગમ્મત અને આનંદ સાથે તેમનો વિકાસ થાય તે રીતે શાળા પરિવાર દ્વારા આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં બાળકોને ડાકોરમાં રણછોરાયજીના દર્શન કરાવી ગોમતી તળાવમાં હોડી પ્રવાસ તથા લસુંદરામાં ગરમ તથા ઠંડા પાણીનો રોચક આનંદ અનુભવ કરાવાયો હતો. આ પ્રવાસમાં શાળાના આચાર્યા દક્ષાબેન મકવાણા ઉપરાંત બાબુજી વાઘેલા, કમળાબેન, નિયંતાબેન, તારાબેન, શકુંતલાબેન તથા અંતરબેન એમ તમામ સ્ટાફે જોડાઈ બાળકોની લાગણીસભર સંભાળ રાખી હતી. આ પ્રવાસ માટે ગાંધીનગરના સેવાભાવી નિવૃત્ત પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહ દ્વારા સમગ્ર ખર્ચનું દાન આપી પ્રેરણાત્મક પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

## પાણી-ગટર વેરાની ભરપાઈ માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર પાટનગર યોજના વિભાગ દ્વારા પાણી-ગટર વેરાની ભરપાઈ માટે વપરાશકર્તાઓ માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. ગાંધીનગર શહેરના સેકટર-૧ થી ૧૩ તથા શહેરમાં સમાવિષ્ટ ગામડાઓના પાણી તેમજ ગટરનો ઉપયોગ કરતા ગ્રાહકો તંત્ર દ્વારા જણાવામાં આવ્યું છે કે વર્, ૨૦૧૭-૧૮ના પાણી અને ગટર વેરાના એડવાન્સ ભરવામાં આવતા બિલો તા.૩૧ માર્ચ સુધીમાં દરેક ગ્રાહકના ઘરે ઘરે પહોચતા કરવાની તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.પરંતુ કોઈ કારણોસર બિલ વિતરણ કામગીરીમાં વિલંબ થાય તો સુવિધા કચેરી તેમજ પાટનગર યોજના ભવન પ્રથમ માળ સે-૧૬ કચેરીનો સંપર્ક કરીને બિલની વિગત જાણીને પાણી-ગટર વેરાના બિલોના નાણાં સુવિધા કચેરી-૩ અને નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, પાટનગર યોજના પેટા વિભાગ નં-૯, પ્રથમ માળ સે-૧૬ પાટનગર યોજના ભવન ખાતે સવારે ૯ થી બપોરના ૧૨ કલાક સુધીમાં ભરી જવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. પાણી-ગટરનો વપરાશકર્તા ગ્રાહકો પોતાના વેરાના નાણા ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં ભરપાઈ કરનાર ગ્રાહકોને જ બીલમાં સ્પેશીયલ વળતરનો લાભ આપવામાં આવશે.

## તક્ષશીલા માધ્યમિક શાળા ખાતે યોજાયો વિદાય-શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરની તક્ષશિલા કેળવણી મંડળ (સેકટર-૧૩)ના માધ્યમિક વિભાગના ધોરણ-૧૦ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી રાજેશભાઈ એસ. દવેએ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને વિદાય સમારંભનું પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમજ શાળામાં યોજાઈ ગયેલ રમતોત્સવ-લીંબુ ચમચી, દોડ, કબડ્ડી, ગોળાફેંક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં હળવું કંઠય સંગીત, સાડી પરીધાન, કેશ ગુંફન, મહેંદી હરિફાઈ તથા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા. શાળાના આચાર્ય ભરતભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રિયવંદાબેન દવે, મિનાક્ષીબેન રાવલ, કોકિલાબેન વ્યાસ, ભરતભાઈ પ્રજાપતિ, બકુલાબેન ઠાકરે સહયોગ આપ્યો હતો.

## ગાંધીનગરમાં રોજગાર વાચ્છુંક ઉમેદવારો માટે ઓપન ઈન્ટરવ્યુનું આયોજન

ગાંધીનગર, તા.૩
જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર તથા અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ (કડી કેમ્પસ) ગાંધીનગરના સંયુકત ઉપક્રમે રોજગાર વાચ્છુંક ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં નોકરીની વિપુલ તકો છે. આપના અભ્યાસને અનુરૂપ નોકરીદાતા તરફથી નોંધાયેલ જગ્યાઓ માટે ઓપન ઈન્ટરવ્યુનું આયોજન નીચે જણાવેલ તારીખે, સ્થળે અને સમયે કરવામાં આવેલ છે. આ ઓપન ઈન્ટરવ્યુમાં કુલ-૨૫ થી વધુ વિવિધ કંપનીઓમાંથી નોકરીદાતાઓ હાજર રહેનાર છે. આ ઓપન ઈન્ટરવ્યુમાં ભાગ લેવા માટે આપના બાયોડેટાની ઓછામાં ઓછી ૪(ચાર) નકલ, ૪(ચાર) પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ તથા આપની શૈક્ષણિક લાયકાતના તમામ પ્રમાણપત્રો/માર્કશીટની ઝેરોક્ષ નકલો સહીત ઓપન ઈન્ટરવ્યુમાં સ્વ-ખર્ચે હાજર રહેવા આથી આપને જણાવવામાં આવે છે. આ ઓપન ઈન્ટરવ્યુમાં ૧૨ ધોરણ પાસ, ગ્રેજયુએટ, આઈ.ટી.આઈ, ડીપ્લોમાં, અને એન્જીનીયરીંગની લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ ઓપન ઈન્ટરવ્યુમાં પ્રવેશ નિઃશુલ્ક રહેશે. ઓપન ઈન્ટરવ્યુનું સ્થળ, એસ.કે.પટેલ બિલ્ડીગ, ગેટ નં.૨ કડી કેમ્પસ સેકટર-૨૩, ગાંધીનગર. ઓપન ઈન્ટરવ્યુની તારીખ ૦૫/૦૩/૨૦૧૭. ઓપન ઈન્ટરવ્યુનો સમય- ૯:૦૦ વાગ્યે રાખવામાં આવ્યો છે.

## વાતવાતમાં

● શુક્રવારે વિધાનસભાના 'ચ' રોડ તરફના પ્રવેશ દ્વારે કેટલાક મુલાકાતીઓએ પ્રવેશ ટાણે કાર ઉભી રાખી 'સેલ્ફી' લેવાનું ચાલુ કરતા પાછળ લંબી લાઈનો લાગી ગઈ હતી. તાજેતરમાં રાજયના ગૃહમંત્રી પર જુતા ફેંકવાની ઘટનાની હજી શાહી સુકાઈ નથી ત્યાં આ પ્રકારની હરકતો સુરક્ષા માટે તૈનાત પોલીસ ટીમ માટે માથાનો દુઃખાવો સાબિત થઈ રહી છે.

● મનસુખ શાહ લાંચ પ્રકરણના મુખ્ય આરોપી મનસુખ શાહને ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે લાવી તપાસ હાથ ધરાઈ છે. આ તપાસમાં મનસુખ શાહનો વોઈસ સ્પેકટ્રોગ્રાફી ટેસ્ટ લેવામાં આવનાર છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીએ એક નવું નોટીસ બોર્ડ લગાડવામાં આવ્યું છે. આ નોટીસ બોર્ડ પર માર્કર પેન દ્વારા જિલ્લા પંચાયતની વિવિધ બેઠકો તથા કાર્યક્રમોની વિગતો દર્શાવાશે.

● ગાંધીનગરના પંચદેવ મંદિરથી વોર્ડ કચેરી સુધીની તમામ સ્ટ્રીટ લાઈટો તથા સે-૨૨ની અસંખ્ય સ્ટ્રીટલાઈટો ગુરુવારે બંધ હાલતમાં છે. બંધ સ્ટ્રીટલાઈટો અંગે અનેક ફરિયાદો થઈ રહી હોવા છતાં હજુ સુધી સમસ્યાનો કોઈ જ નકકર ઉકેલ આવ્યો નથી.

● આગામી તા. ૮મી માર્ચે મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગરમાં આયોજિત વડાપ્રધાનના કાર્યક્રમ માટે આખું જિલ્લા પંચાયત તંત્ર વ્યસ્ત બન્યું છે. તંત્રની વ્યસ્તતાને કારણે પ્રજાલક્ષી કાર્યો હાલ પુરતાં ખોરંભે ચઢયા છે.

## સિવિલમાં નવિન પાણીના બોરનો પ્રારંભ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માત્ર એક જ બોર દ્વારા આઠમાળની ઈમારત, પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં પાણી પહોંચાડવામાં આવતું હતું. તંત્ર દ્વારા એક બોરથી જરૂરીયાત મુજબ પાણી પહોંચતુ હોવા છતા ક્યારેક સંકુલમાં પાણીની ફરિયાદો ઉઠતી હતી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને સ્ટાફ પણ ક્યારેક પાણી આવતુ ન હોવાથી હેરાન પરેશાન થઈ જતા હતા. હોસ્પિટલને પુરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે તંત્રને રજુઆત કરાઈ હતી. પરંતુ નર્મદાના નીર અંગે કોકડું તંત્ર કક્ષાએ ગુંચવાયેલું છે. નર્મદાના નીર હોસ્પિટલને મળી રહે તો બોરના પાણીનો વપરાશ પણ ઘટી જાય તેમ છે. નર્મદાના પાણી ન મળતા હોસ્પિટલ તંત્ર દ્વારા નવીન બોર બનાવાયો હતો. ૬૦૦ બેડની હોસ્પિટલ અને પાંચમાળની ઈમારતમાં પાણીનો વપરાશ વધવા પામ્યો છે. ઉનાળાના સમયમાં પાણીના વધુ વપરાશના કારણે દર્દીઓ દ્વારા પાણીની ફરીયાદો ઉઠતી હતી. ત્યારે પાણીનો નવીન બોર કાર્યરત થઈ જતા પાણી હવે પુરતા ફોર્સથી તેમજ જરુરીયાત પુરતું મળી રહેતા દર્દીઓ અને સ્નેહીજનોને હાશકારો અનુભવી રહ્યા છે. ત્યારે બંન્ને બોર દ્વારા વારાફરતી પાણીની માંગ પુરી કરવામાં આવશે તેમજ નવિન બોરમાં અંદાજીત ૭૫૦ ફુટના અંતરે પાણી મળ્યુંછે. તેમજ ચારની પાઈપ લાઈન લગાવી હોવાથી પાણીનો ફોર્સ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ત્યારે ઉનાળાના પ્રારંભે બોર કાર્યરત થતા પાણીના પોંકાર હવેથી બંધ થઈ જશે તેવું લાગી રહ્યું છે.

## આજથી મધુર ડેરીમાં ઈન્ડસ્ટ્રીયલ સેફટી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ મધુર ડેરીમાં સરકારશ્રી દ્વારા ૪ માર્ચથી ઈન્ડસ્ટ્રીયલ સેફટી સપ્તાહની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે તે અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ સેફટી અંગેની જાગૃતિ કેળવવા મધુર ડેરી દ્વારા આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રોગ્રામ કરવાનું આયોજન કરાયુંછે. મધુર ડેરી એ ગુજરાતમાં ડેરી ઉદ્યોગમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જિલ્લાના પશુપાલકોને સૌથી વધુ પોષણક્ષમ ભાવ ચુકવે છે. મધુર ડેરી ગાંધીનગરની જનતાની સુખ સુવિધા માટે સામાજિક જવાબદારીઓ અદા કરી રહી છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ કારખાના સુરક્ષા અંગે સજાગ છે જે આ સપ્તાહમાં જાગૃતિ માટે પ્રોગ્રામ કરશે.

# ચલણી દસના સિક્કાનો નાગરિકોમાં અણગમો

## શહેરમાં ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે થતી માથાકુટો : ખિસ્સામાં વજન થાય, જગ્યા વધારે રોકે તથા ખિસ્સામાંથી પડી જવા જેવા કારણો આગળ ધરાય છે : પરચુરણમાં સૌથી મોટો આ સિક્કો બંધબેસતો નથી

ગાંધીનગર, તા.૩
નોટબંધી પછી દસના સિક્કાને બજારમાં ફરતા કરવાનો ઉદ્દેશ હાલ તો સ્થિતિ મુજબ મરી પરવાર્યો હોય તેવું લાગે છે. ઠેર ઠેર દસના સિક્કાના સ્વીકાર બાબતે ચડસાચડસી જોવા મળી રહી છે જે કારણે લોકોમાં આ સિક્કા બાબતે અણગમો પેદા થયો છે. પરચુરણમાં સૌથી મોટો ગણાતો આ સિક્કો અન્ય પરચુરણની સાથે બંધબેસતો ન હોવાનું જણાઈ રહ્યું છે. અનેક કારણો થકી અસ્વીકાર કરાતાં આ ચલણી સિક્કા માટે શહેરમાં ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે ગજગ્રાહ ઉભો થઈ રહ્યો છે. જો કે ચલણી નાણાંનો અસ્વીકાર એ ગુનો બનતો હોવા છતાં સર્વત્ર સહર્ષ સ્વીકારાતો ન હોવાથી દસનો સિક્કો હાલ બજારમાં અહીંથી ત્યાં અથડાઈ રહ્યો છે.

પરચુરણ છતાં પરચુરણમાં સ્થાન ન મળેલા દસના સિક્કાએ દરેક ઠેકાણે ઉહાપોહ કરાવ્યો છે. ચારથી પાંચ સિક્કા પણ ખિસ્સામાં હોય તો તે વજન કરતા હોય છે. ઘરમાં કે ધંધા વ્યવસાયના સ્થળોએ ખાસ જગ્યા બનાવવી પડે છે તેમજ ખિસ્સામાંથી સરકી જવાની સંભાવના રહે છે જેવા કારણો હાલ તો દરેક જગ્યાએ આગળ કરી નમ્રતાથી અસ્વીકાર કરાય છે. જો કે એકના દસ સિક્કા હોય તો તે દસ રૂપિયા જયારે દસના દસ સિક્કા રૂ. ૧૦૦નું સ્થાન લઈ લે છે. જેમાં ખિસ્સામાંથી પડી જવાનો સૌથી મોટો ભય લોકોને લાગે છે અને તેથી જ ગ્રાહકો બેંકમાંથી નાણાં ઉપાડવાના સમયે સિક્કા ન આપવા વિનંતી કરે છે. બેંક પણ ઉપરથી મોકલેલા આ ચલણને ગ્રાહકો સુધી પહોંચાડવા પુરી પ્રયત્નશીલ રહે છે. આ તમામ બાબતો મધ્યે ગ્રાહકો જ આવતાં હોઈ આ સિક્કા પ્રત્યે લોકોમાં અણગમો વધતો જાય છે.



શહેરમાં શાકભાજીવાળા, કરીયાણાવાળા, દુધવાળા તથા દર મહિને અપાતા બિલોમાં પણ ગૃહિણીઓને દસના સિક્કા પધરાવી રહ્યા છે. નોટબંધી પછી કેશલેસ વ્યવહારોને પ્રાધાન્ય આપવા આ પ્રકારની મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી હોવાનો શક પણ ગૃહિણીઓ વ્યકત કરી રહી છે. વધુમાં એસ.ટી. બસો તથા ખાનગી મુસાફરી કરાવતા લોકો પણ આ દસના સિક્કાના ચલણથી તોબા પોકારી ઉઠયા છે. તાજેતરમાં જ ગાંધીનગરના વિટકોસે આ સિક્કા સ્વીકારાશે નહીં તેવી જાહેરાત કરતાં ભારે ઉહાપોહ થયો હતો જયારે વાસ્તવિકતા તો એ છે કે બેંકો પણ દસના સિક્કા સ્વીકારતી નથી તેવું કેટલાક ગ્રાહકોએ પોતાના અનુભવોથી જણાવ્યું છે. જેથી સરકાર દ્વારા આ અંગે યોગ્ય અને ચોકકસ માર્ગ શોધવો જ રહ્યો જેથી ગ્રાહકોમાં આ ચલણ મનગમતું બની શકે.

## ચિરવિદાય

- સ્વ. ઝાલા ઈશ્વરજી પુંજાજી, ઉ.વ. ૬૩
- સ્વ. હાર્દ રવિભાઈ બારોટ, ઉ.વ. ૫
- સ્વ. શ્રીમાળી મેરાભાઈ રામજીભાઈ, ઉ.વ. ૬૧